
# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૭ અંક : ૨૮૭ તા.૬-૦૮-૨૦૨૧ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા



## ડ્રાઈવર ?



ડ્રાઈવર, રસોયા,
નોકર શોધવા હવે
ખૂબ જ સરળ
staffavailable.com
ના એકદમ અલગ
પ્રકારના અને દેશમાં
એકમાત્ર આવી
સવલત ઓફર કરતાં
પ્લેટફોર્મ ઉપર તમારી
જરૂરિયાત મૂકી દો
તદ્દન ફ્રી
staffavailable.com


# મીડકેપના અનેક શેરોએ ખૂબ જ સુંદર રિટર્ન આપ્યું

આ કોલમમાં દર્શાવેલા મીડકેપના અનેક શેરોએ ખૂબ જ સુંદર રિટર્ન આપ્યું છે. નાહર સ્પીનીંગનો શેર ઘણા અંક સુધી સતત દર્શાવ્યો હતો અને તે અત્યારે વધીને રૂ. ૩૯૪ ઉપર આવ્યો છે અને તેમાં હવે પ્રોફિટ બુકીંગ શરૂ કરી શકાય.

**જિંદાલ સ્ટેનલેસ સ્ટીલ**નો શેર રૂ. ૧૬૨ ઉપર ચાલે છે અને આગામી દિવસોમાં આ શેરમાં સુંદર ઉછાળા સાથે રૂ. ૧૮૨નો ભાવ જોવા મળી જાય તેવી ગણતરી છે અને સ્ટીલ ઉદ્યોગની તેજીનો સુંદર ફાયદો તેને મળી શકશે.

તેવી જ રીતે ટેક્ષટાઈલ ઉદ્યોગ માટે યાર્ન બનાવતી **સેન્ચરી એન્કા**નો શેર અત્યારે રૂ. ૪૮૪ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂ. ૫૧૪ અને તે પછી ધીરે ધીરે રૂ. ૫૮૪નો ભાવ જોવા મળી જાય તો નવાઈ નહિ લાગે. આ વખતે મુખ્ય આકર્ષણ **એલએન્ડટી ઇન્ફોટેક**ના શેરમાં દેખાય છે. પરિણામો સુંદર છે અને મીડકેપ આઈટી શેરોમાં પણ આકર્ષણ વધ્યું છે. અત્યારના રૂ. ૪૬૮૪ના ભાવે આ શેરમાં ફોકસ કરવું અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂ. ૪૭૪૭ અને તે પછી ધીરે ધીરે રૂ. ૪૯૪૯નો ભાવ જોવા મળી જવાની સંભાવના મજબૂત છે.

પિત્ઝા હટની કંપનીનો આઈપીઓ આવ્યો છે ત્યારે **જ્યુબીલન્ટ ફૂડ્સ**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. અત્યારે રૂ. ૩૭૭૫ના ભાવે આ શેર આવતા થોડા દિવસોમાં ખૂબ જ ઝડપથી વધશે તેવી ગણતરી છે અને તે રીતે રૂ. ૩૮૧૮ અને તે પછીના ઉછાળે રૂ. ૩૯૫૦નો ભાવ આવી જવાની ગણતરી.

આરપી ગોયંકા ગ્રૂપની **ફિલિપ્સ કાર્બન**ના શેરમાં પરિણામનો ખૂબ જ સુંદર સપોર્ટ મળી રહ્યો છે. ફિલિપ્સ કાર્બન અત્યારે રૂ. ૨૭૧ ઉપર ચાલે છે અને આગામી દિવસોમાં આ શેરમાં મજબૂત ઉછાળા સાથે રૂ. ૨૭૮ અને તે પછીના ઉછાળે રૂ. ૨૯૯નો ભાવ જોવા મળી જવાની સંભાવના છે.

રિક્રૂટમેન્ટનું કામકાજ કરતી અને એચઆર સર્વિસ આપતી **ટીમલીસ**ના શેરમાં પણ આકર્ષણ વધ્યું છે. અર્થતંત્ર સુધરતા કંપનીઓ દ્વારા રિક્રૂટમેન્ટ શરૂ કરવામાં આવી છે અને તે પાછળ રૂ. ૪૨૬૦ના ભાવના ટીમલીસના શેરમાં પણ ભાવ ઝડપથી વધીને રૂ. ૪૫૩૫ અને તે પછીના ઉછાળે રૂ. ૫૩૬૩નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ ઈલેક્ટ્રિકલ આઈટમો બનાવતી **હેવલ્સ**ના શેર ઉપર શિફ્ટ થયું છે. હેવલ્સ અત્યારે રૂ. ૧૧૭૩ ઉપર છે અને આવતા થોડા દિવસોમાં રૂ. ૧૧૯૧ અને તે પછી રૂ. ૧૨૩૨નો ભાવ આવી જવાની સંભાવના મજબૂત છે.

સિમેન્ટ શેરોમાં તો અત્યારે સુંદર ફેન્સી છે અને તેમાં નિફટીમાં **અલ્ટ્રાટેક સિમેન્ટ** જ્યારે મીડકેપમાં **બિરલા કોર્પ**નો શેર વધતો જાય છે. ઘણા અંક પહેલા ૨૨મા પાનાના એનાલિસીસમાં આ શેર લેવાની વાત કરી હતી. અત્યારે રૂ. ૧૪૯૩ ઉપર આવ્યો છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂ. ૧૫૨૫ અને તે પછીના ઉછાળે રૂ. ૧૫૪૫નો ભાવ જોવા મળશે તેવી ગણતરી છે. તે જ પ્રકારે સિમેન્ટશીટનું ઉત્પાદન કરતી **એવરેસ્ટ ઇન્ડસ્ટ્રીઝ**નો શેર અત્યારે રૂ. ૪૮૦ ઉપર છે અને તેમાં પણ આવતા થોડા દિવસોમાં રૂ. ૪૮૬ અને તે પછી રૂ. ૫૧૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે.

અનેક સ્પેશ્યાલિટી કેમિકલ્સ શેરો ખૂબ જ વધી ગયા છે અને તેમાં હજી **જીએચસીએલ** એટલે કે ગુજરાત હેવી કેમિકલ્સના શેરમાં મોટા ઉછાળાની જગ્યા બાકી છે. અત્યારે રૂ. ૩૭૩ ઉપર આવી ગયેલો આ શેર આગામી દિવસોમાં રૂ. ૩૯૦ અને તે પછીના ઉછાળે રૂ. ૪૩૪નો ભાવ બતાવી દે તે સંભાવના મજબૂત છે. અને તેથી તેની ઉપર ફોકસ રખાય. આ જ પ્રકારે રૂ. ૨૦૩૯ ઉપર આવી ગયેલા **દીપક નાઇટ્રેડ**ના શેરમાં પણ તોતીંગ ઉછાળાની જગ્યા બાકી છે. આ શેર રૂ. ૪૦૦ ઉપર રહેતો હતો અને તેને બદલે અત્યારે રૂ. ૨૦૩૯ ઉપર આવી ગયો છે અને આગામી દિવસોમાં તેમાં રૂ. ૨૧૦૧ અને તે પછી ધીરે ધીરે રૂ. ૨૩૦૦ના ભાવની સંભાવના મજબૂત છે.

ખાતર ઉદ્યોગની ટોચની કંપની **કોરોમંડલ ઇન્ટરનેશનલ**માં પણ ધીરે ધીરે કરંટ શરૂ થયો છે. કોરોમંડલ અત્યારે રૂ. ૯૧૮ ઉપર ચાલે છે અને તેમાં આવતા થોડા દિવસોમાં રૂ. ૯૪૦ અને તે પછી ધીરે ધીરે રૂ. ૧૦૩૦નો ભાવ જોવા મળવાની ગણતરી છે અને તે રીતે થોડાક શેરો લઈને મૂકી શકાય.

સ્પેશ્યાલિટી શેરોની નિકાસમાં મોટું નામ ધરાવતી **આસાહી સોંગવોંગ** અમદાવાદની કંપની છે અને અત્યારે રૂ. ૪૧૩ ઉપર ભાવ ચાલે છે. આવતા થોડા દિવસોમાં તેમાં રૂ. ૪૩૬ અને તે પછી રૂ. ૪૮૬ અને તે પછીના ઉછાળે રૂ. ૫૧૬નો ભાવ પણ આવી જવાની સંભાવના મજબૂત છે એટલે કે થોડા અઠવાડિયામાં રૂ. ૧૦૦ની નોટ આ શેર આપી શકશે.

શોર્ટટર્મ ખેલાડીઓની લેવાલી **ગોદરેજ કન્ઝ્યુમર**ના શેરમાં પણ દેખાય છે. રૂ. ૯૮૮ વાળો શેર આવતા થોડા દિવસોમાં રૂ. ૧૦૦૧ અને તે પછી ધીરે ધીરે રૂ. ૧૦૪૧નો ભાવ બતાવી દે તેવી ગણતરી છે.

પમ્પના ઉત્પાદનમાં ભારતમાં ટોચનું સ્થાન ધરાવતી **કેએસબી લિમિટેડ**ના શેરમાં ફરી એક વખત કરંટ શરૂ થયો છે. કેએસબી અત્યારે રૂ. ૧૧૫૯ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં તેમાં રૂ. ૧૨૬૨ અને તે પછીના ઉછાળે ધીરે ધીરે રૂ. ૧૫૮૫ના ભાવની સંભાવના મજબૂત છે. લગભગ ૬થી ૭ અઠવાડિયાના એન્ગલથી આ શેરમાં રોકાણ કરવું.

રેશ્મી યાર્ન અને રેશ્મી કાપડનું ઉત્પાદન કરી તેની નિકાસ કરતી **હિંમતસિંગા સીડે**નો શેર અત્યારે રૂ. ૨૬૮ ઉપર ચાલી રહ્યો છે અને તેમાં આવતા થોડા અઠવાડિયામાં રૂ. ૨૭૮ અને તે પછી રૂ. ૩૦૫નો ભાવ જોવા મળી જવાની ગણતરી છે અને તે રીતે તેની ઉપર પણ ફોકસ રાખવું.

**વર્ધમાન ટેક્ષટાઈલ**નો શેર પકડવાનું ચાણક્યમાં દર્શાવતા હતા અત્યારે વધીને રૂ. ૧૯૦૯ ઉપર આવ્યો છે અને તેમાં આંશિક પ્રોફિટ બુકિંગ શરૂ કરી શકાય. એમ તો હજી આ શેરમાં રૂ. ૧૯૮૯ના ભાવની સંભાવના પણ મજબૂત છે.

**નાહર પોલીટેક્સ**નો શેર રૂ. ૨૨૪ ઉપર મળી રહ્યો છે. અને છેલ્લા બે-ત્રણ અંકમાં આ શેર લેવાની વાત કરી હતી. આવતા થોડા દિવસોમાં નાહર પોલીના શેરમાં ઝડપી ઉછાળા સાથે રૂ. ૨૫૫ અને તે પછીના ઉછાળે રૂ. ૨૮૦નો ભાવ આવી જવાની ગણતરી છે.

**ટ્રાયડન્ટ**નો શેર ધીરે ધીરે વધીને રૂ. ૨૦.૬૫ ઉપર આવ્યો છે અને તેમાં આ જ રીતે ધીમા સુધારા સાથે રૂ. ૨૨ના ભાવની સંભાવના મજબૂત છે.

મીડસાઈઝ આઈટી કંપનીઓમાં **ઝેન્સાર ટેકનોલોજી**નો રૂ. ૪૧૬ વાળો શેર ધ્યાનમાં રાખવો અને આગામી દિવસોમાં આ શેરમાં મજબૂત ઉછાળા સાથે રૂ. ૪૨૮ અને તે પછી રૂ. ૪૪૦નો ભાવ આવી જવાની ગણતરી છે.

શોર્ટટર્મ ખેલાડીઓનું આકર્ષણ **રામકો ઇન્ડસ્ટ્રીઝ**ના શેર ઉપર પણ દેખાય છે. આ કંપની પણ એવરેસ્ટ ઈન્ડસ્ટ્રીઝની જેમ સિમેન્ટ શીટનું ઉત્પાદન કરે છે અને પોતાના કાચામાલની ખરીદી ગ્રૂપ કંપની રામકો સિમેન્ટ પાસેથી થતી હોવાથી તેને સસ્તો પણ પડે છે. રામકો ઈન્ડસ્ટ્રીઝ અત્યારે રૂ. ૩૩૫ ઉપર ચાલે છે અને તેમાં સહેજ લાંબી તેજીની ગણતરી છે. લગભગ ૬થી ૭ અઠવાડિયાના એન્ગલથી થોડાક શેર લઈને મૂકી શકાય.

ગયા અઠવાડિયે **એસઆરએફ**ના શેરમાં કમાવાશે તેમ દર્શાવેલું અને એસઆરએફ ગયા અઠવાડિયે રૂ. ૭૯૦૨ ઉપર હતો અને અત્યારે વધીને રૂ. ૮૬૫૮ ઉપર આવ્યો છે અને હજી પણ આ શેરમાં રોકાણ જાળવી શકાય. આગામી દિવસોમાં ધીરે ધીરે આ શેરમાં ભાવ ઊંચકાતો જાય તે સંભાવના મજબૂત છે.

**ગુજરાત આલ્કલીસ**ના શેરમાં શુક્રવારે થોડીક વેચવાલી આવી હતી. આ શેરમાં લાંબી તેજી હજી હવે શરૂ થઈ છે. અત્યારના રૂ. ૪૭૮વાળા શેરમાં ૮ અઠવાડિયાના એન્ગલથી થોડુંક રોકાણ કરી દેવું અને તેમાં સારું રિટર્ન છૂટવાની જગ્યા છે. પ્રથમ તબક્કે આ શેરમાં રૂ. ૪૮૮ અને તે પછી રૂ. ૪૯૮ અને તે પછીના ઉછાળે રૂ. ૫૧૫નો ભાવ પણ જોવા મળવાની ગણતરી, પરંતુ ધીરે ધીરે રૂ. ૫૪૫ તરફ આગળ વધશે તેમ દેખાય છે.

ગયા અઠવાડિયે **તાતા સ્ટીલ એલએલપી**ના શેરમાં કમાવાશે તેમ દર્શાવેલું. આ શેર અત્યારે રૂ. ૧૧૩૧ ઉપર આવ્યો છે અને આ શેરમાં લાંબી તેજીની જગ્યા દેખાય છે. આગામી દિવસોમાં આ શેરમાં રૂ. ૧૧૭૧ અને તે પછીના ઉછાળે થોડા અઠવાડિયામાં રૂ. ૧૨૩૨નો ભાવ જોવા મળવાની સંભાવના મજબૂત છે અને તેથી દસેક શેરનું કામકાજ કરી શકાય.

**તામિલનાડુ પેટ્રો પ્રોડક્ટ** એકદમ ધીરે ધીરે ઊંચકાતો જાય છે. અત્યારે રૂ. ૧૩૪ ઉપર આવ્યો છે અને તેમાં એકદમ ડચકા ખાતીખાતી તેજી આગળ વધે તે સંભાવના મજબૂત છે.

**એપોલો હોસ્પિટલ**ના શેરમાં પણ કમાવાશે તેમ છેલ્લા બે અઠવાડિયાથી દર્શાવીએ છીએ. એપોલો હોસ્પિટલ ૧૯મી જુલાઈના અંકમાં રૂ. ૩૭૭૯ના ભાવે લેવાની વાત કરી હતી અને અત્યારે વધીને રૂ. ૪૦૩૫ ઉપર આવ્યો છે એટલે કે લગભગ ૧૦ ટકા રિટર્ન થઈ ગયું. આગામી દિવસોમાં હજી આ શેરમાં મજબૂત ઉછાળાની જગ્યા છે.

જર્મન કંપની **બાસ્ફ**નો શેર રૂ. ૨૮૭૬ ઉપર આવી ગયો છે અને તે શેરમાં પણ આગામી દિવસોમાં ભાવ ધીરે ધીરે સુધરતો જાય તેવી જગ્યા છે. અને તેથી થોડુંક ફોકસ કરી શકાય.

**દીપક ફર્ટિલાઈઝર**માં પણ નવી તેજી શરૂ થઈ છે. ખાતર ઉપરાંત આ કંપની સ્પેશ્યાલિટી કેમિકલ્સનું મોટું કામકાજ કરે છે. અત્યારે રૂ. ૪૩૧ ઉપર આવી ગયેલો આ શેર લગભગ છએક અઠવાડિયાના એન્ગલથી મજબૂત રિટર્ન આપી જવાની ગણતરી છે અને તેથી થોડાક શેર લઈને મૂકી શકાય.

**સીઈએસસી**નો શેર અત્યારે રૂ. ૮૩૮ ઉપર પડી રહ્યો છે અને તેમાં પણ ભાવ વધવાની જગ્યા છે અને તેથી નાનું રોકાણ કરી શકાય.

ફુદ્રા શેરોમાં **રીકો ઓટો**નો શેર રૂ. ૫૯ ઉપર આવ્યો છે અને તેમાં ભાવ વધવાની જગ્યા છે. આવતા થોડા દિવસોમાં રૂ. ૬૫ના ભાવની સંભાવના મજબૂત.

કેવળ રૂ. ૯૬ના ભાવે મળતો **આંધ્ર સિમેન્ટ**નો શેર પણ આગામી દિવસોમાં ઝડપથી વધવાની જગ્યા છે. અને તેની ઉપર ફોકસ કરી શકાય.

**કોઠારી પેટ્રો**નો શેર અત્યારે રૂ. ૪૬ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં આ શેરમાં મજબૂત ઉછાળાની ગણતરી છે.

ગયા અંકમાં **મેક્સ વેન્ચર**નો શેર રૂ. ૮૯ના ભાવે લેવાની વાત કરી હતી અને અત્યારે આ શેર રૂ. ૯૩ ઉપર આવ્યો છે. આગામી દિવસોમાં આ શેરમાં મજબૂત ઉછાળાની જગ્યા દેખાય છે.

**જયબાલાજી**નો શેર રૂ. ૬૭ ઉપર ચાલે છે અને તેમાં પણ આગામી દિવસોમાં ભાવ ઝડપથી વધી જાય તેવી ગણતરી છે.

ઓટોએન્સિલરીના ક્ષેત્રની **મુંજાલ સોવા**નો શેર રૂ. ૧૬૧ ઉપર આવી ગયો છે અને તે શેર ઉપર ફોકસ કરી શકાય. આગામી દિવસોમાં આ શેરમાં તોતીંગ ઉછાળાની ગણતરી.

**મારલ ઓવરસીઝ**નો શેર અંક નંબર ૧૫માં લેવાની વાત કરી હતી. મારલ અત્યારે રૂ. ૭૩ ઉપર આવી ગયો છે અને તેમાં રૂ. ૭૭.૭૦નું ટોપ પણ બન્યું હતું. ૫૦ ટકા કરતા વધારે રિટર્ન થઈ ગયું અને આ શેરને વહેતો મૂકવો સલાહભરેલ.

તેવી જ રીતે **અરવિંદ સ્માર્ટ**ના શેરમાં પણ રૂ. ૧૧૮ના ભાવે અંક નંબર ૧૫માં પકડી લેવાની વાત કરી હતી. અરવિંદ સ્માર્ટ અત્યારે સ્માર્ટ રીતે વધીને રૂ. ૧૪૦ થઈને રૂ. ૧૩૦ ઉપર મળે છે અને તેમાં પણ થોડુંક પ્રોફિટ બુકિંગ કરી નાખવું ખોટું નહિ.

ભારત સરકાર હસ્તકની **નેશનલ એલ્યુમિનિયમ**નો શેર અંક નંબર ૧૫માં રૂ. ૮૫ના ભાવે લેવાની વાત કરી હતી. નાલ્કો અત્યારે રૂ. ૯૩ ઉપર આવ્યો છે પરંતુ આ શેરમાં રોકાણ જાળવી રાખજો, આગામી દિવસોમાં રૂ. ૯૯ અને તે પછી ધીરે ધીરે રૂ. ૧૦૫નો ભાવ જોવા મળી જવાની સંભાવના મજબૂત છે.

**તૈનવાલા કેમિકલ્સ**નો શેર ગયા અંકમાં રૂ. ૧૦૪ના ભાવે લેવાની વાત કરી હતી અને તૈનવાલાનો શેર અત્યારે રૂ. ૧૦૮ ઉપર આવ્યો છે. એક તબક્કે આ શેરે રૂ. ૧૨૫નો ભાવ પણ બતાવેલો. આ શેરમાં હજી રોકાણ જાળવી શકાય અને તેમાં મજબૂત ઉછાળાની જગ્યા બાકી છે.

ગયા અઠવાડિયે **મીર્ઝા ઇન્ટરનેશનલ**નો શેર રૂ. ૬૩ના ભાવે લેવાની વાત કરી હતી. મિર્ઝા એક વખત રૂ. ૭૦ થઈને અત્યારે રૂ. ૬૫ ઉપર ચાલે છે અને તેમાં રોકાણ જાળવી શકાય. આગામી દિવસોમાં આ શેર સુંદર રિટર્ન આપી જાય તો નવાઈ નહિ લાગે.

**ઉષા માર્ટિન**નો શેર તો છેક રૂ. ૨૩ના ભાવથી લેવડાવીએ છીએ અને તેમાં રૂ. ૬૮ના ભાવે લેવાની વાત પણ કરી હતી અને તે પછી રૂ. ૭૧.૯૦ થઈને અત્યારે રૂ. ૬૭.૩૦ ઉપર ચાલે છે અને આ શેરમાં રોકાણ જાળવી શકાય. આગામી દિવસોમાં તેમાં પરિણામના મજબૂત સપોર્ટને કારણે ભાવ ઝડપથી વધે તેવી ગણતરી છે.

દેશની ટોચની રીયલ એસ્ટેટ કંપની **ડીએલએફ**માં પણ હવે નવી તેજી શરૂ થાય તે સંભાવના જમબૂત છે. અત્યારે કેવળ રૂ. ૩૩૭ ઉપર છે અને હજી થોડા દિવસો ધીમે ધીમે ભાવ વધશે અને પછી તેમાં ઝડપ આવવાની.

**આલ્કેમ લેબ**ના શેરમાં પણ આકર્ષણ વધતું જાય છે. અત્યારે રૂ. ૩૪૫૪ ઉપર આવ્યો છે અને સુધારાનો પ્રથમ તબક્કો હોવાથી હજી થોડા દિવસો ભાવ એકદમ ધીરે ધીરે વધશે અને તેમાં પછી તેજી આવી શકશે. મોટી કમાણી માટે થોડીક રાહ જોવી જરૂરી.

**અંબુજા સિમેન્ટ** અત્યારે રૂ. ૪૧૧ ઉપર આવી ગયો અને આગામી દિવસોમાં આ શેરમાં હજી મોટા ઉછાળાની જગ્યા બાકી છે. સિમેન્ટ ઉદ્યોગની તેજીનો ફાયદો આ શેરને મળી શકશે. ઉપરમાં રૂ. ૪૨૨ અને તે પછીના ઉછાળે રૂ. ૪૩૨નો ભાવ જોવા મળવાની ગણતરી.

**ડીમાર્ટ**ના શેરમાં પણ અત્યારે મજબૂત કરંટ શરૂ થયો છે અને તેની ઉપર પણ ફોકસ રખાય. રૂ. ૩૫૦૦ના ભાવના આ શેરમાં આગામી દિવસોમાં એકદમ ધીમા સુધારા સાથે રૂ. ૩૬૦૦ અને તે પછી રૂ. ૩૬૫૦ના ભાવની સંભાવના મજબૂત છે.

શોર્ટટર્મ ખેલાડીઓની લેવાલી



## સંસદનું સત્ર ચાલતું હોય ત્યારે શેરબજારમાં વધઘટનું પ્રમાણ વધારે તીવ્ર હોય છ








## ડે-ટ્રેડીંગમાં કેવી રીતે કમાવાય ?


ખૂબ જ ઓછા મૂડીરોકાણથી સારું કમાઈ લેવા માટે શેરબજારના લગભગ ૫૦ ટકા સોદાઓ ડે-ટ્રેડીંગના થાય છે અને ડે-ટ્રેડીંગમાં કેવી રીતે શેર પસંદ કરવો અને ક્યારે તેમાં એન્ટ્રી લેવી તે અંગેની વિસ્તૃત સમજ આપતું આ અંગ્રેજી પુસ્તક છે. અને અમારા દ્વારા રૂ. ૨૯૫ની મૂળ કિંમતનું આ પુસ્તક ખાસ ડિસ્કાઉન્ટ કિંમતમાં ઓફર થયું છે. રૂ. ૨૯૫-૨૫ = રૂ. ૨૭૦

ઓનલાઇન ખરીદો GyanPothi.com





## શેરબજારનું ટેકનિકલ એનાલિસીસ સમજો

ચાણક્યના દર અંકમાં ચાર્ટ એનાલિસીસ આપીએ છીએ. આ એનાલિસીસ સમજવા ડો. હર્ષદ કામદાર લિખિત એક ગુજરાતી પુસ્તક રસપ્રદ છે. ડો. હર્ષદ કામદાર દ્વારા સરળ ભાષામાં ચાર્ટ એનાલિસીસની સમજ આપી છે. આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ રૂ. ૧૫ ડિસ્કાઉન્ટ રૂ. ૧૦૫



## ધ ઇન્ટેલિજન્ટ ઇન્વેસ્ટર

આ પુસ્તક અત્યારે અંગ્રેજી અને હિન્દીમાં ઉપલબ્ધ છે પરંતુ આ પુસ્તકને શેરબજારના બાઈબલ તરીકે વિશ્વભરમાં ઓળખવામાં આવે છે અને શેરબજાર અંગે કશું પણ શીખવા માંગતા ઇન્વેસ્ટરે આ પુસ્તક ભલે વાંચો નહિ પરંતુ દરરોજ રાત્રે માથા નીચે મૂકીને સૂઈ જવા માટે યોગ્ય કહી શકાય.




બેન્જામિન ગ્રેહામ દ્વારા લખાયેલા આ પુસ્તકનો વિસ્તૃત અભ્યાસ વિશ્વના સૌથી ધનાઢ્ય ઇન્વેસ્ટર વોરેન બફેટ દ્વારા કરવામાં આવ્યો હતો અને આ પુસ્તકની એકેએક સલાહ વોરન બફેટે તેમના જીવનમાં અપનાવી છે અને કદાચ તેને કારણે તેઓ જોરદાર સફળ થયા.

આ પુસ્તક ખરીદવા ચાણક્ય ગ્રૂપ દ્વારા ખાસ કિંમત રૂ. ૭૫૦

ઓનલાઇન ખરીદો GyanPothi.com

GooglePay ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે

પેટીએમ ૯૮૨૪૨૩૨૪૨૪ દ્વારા પણ પેમેન્ટ કરી શકાશે


## ગામની ગપસપ

- **મારલ ઓવરસીઝ,** થોડા અંક પહેલા લેવાની વાત કરી હતી અને અત્યારે આ શેર તોતીંગ ઉછાળા સાથે રૂ. ૮૪ ઉપર આવી ગયો છે અને આ શેરમાં હવે પ્રોફિટ બુકીંગ શરૂ કરી દેવાય. પીઈરેશિયોની રીતે ભલે આ શેરમાં આકર્ષણ હોય પરંતુ કરેકશન થોડા સમય માટે જોવાવાની સંભાવના મજબૂત.
- **ભારત ગીયર,** ઓટો એન્સીલરી સેક્ટરમાં જૂનું નામ, શેર અત્યારે રૂ. ૧૨૯ ઉપર અને આગામી દિવસોમાં આ શેરમાં સુંદર ઉછાળાની જગ્યા, થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **પીનોટેક્સ કેમિકલ્સ,** રૂ. ૧૧૩ ઉપર મળી રહ્યો છે. સ્પેશ્યાલિટી કેમિકલ્સ શેરોમાં આકર્ષણ, આ શેર પણ ઊંચકાશે, આવતા થોડા દિવસોમાં સુંદર ઉછાળા સાથે રૂ. ૧૩૫ના ભાવની ગણતરી, નાનું રોકાણ કરી શકાય.
- **વર્ધમાન એક્રેલિક,** થોડા અંક પહેલા આ શેર પણ લઈ લેવાની વાત કરી હતી. અત્યારે રૂ. ૮૧-૮૨ ઉપર આવ્યો છે. ભલે થોડોક વધે પરંતુ પ્રોફિટ બુકીંગ કરતા જવું સલાહભરેલ.
- **ગોવા કાર્બન,** કાર્બન નામવાળા શેરોમાં અત્યારે કરંટ, કાલા છે પણ કલુટા છે તેમ કહી શકાય. ગોવા કાર્બનનો રૂ. ૪૬૧વાળો શેર પણ ઝડપી ઉછાળો આપી જવાની ગણતરી. શોર્ટટર્મમાં જ રૂ. ૫૨૦ના ભાવની સંભાવના.
- **વર્ધમાન ટેક્ષટાઈલ,** ટેક્ષટાઈલ ઉદ્યોગનો આ શેર પણ લેવડાવેલો, થોડા દિવસોમાં ઝડપથી વધીને રૂ. ૧૯૬૭ ઉપર આવ્યો છે. પ્રોફિટ બુકીંગ શરૂ કરી શકાય, ઘટવાની જગ્યા વધારે.
- **અપાર ઇન્ડસ્ટ્રીઝ,** આણંદ વલ્લભવિદ્યાનગરની આ કંપની કેબલ ઉત્પાદનમાં જૂનું નામ અને આ શેરમાં પણ એન્ટ્રી લેવાનું કહ્યું હતું. અત્યારે રૂ. ૬૯૨ ઉપર આવ્યો છે અને આગામી દિવસોમાં સુંદર ઉછાળાની જગ્યા. ઝડપથી વધીને રૂ. ૭૫૦નો ભાવ જોવા મળે.
- **એયુ સ્મોલ ફિનાન્સ બેંક,** રૂ. ૧૨૪૩ના ભાવે શેર આકર્ષક, આગામી દિવસોમાં આ શેરમાં સુંદર કરંટ જોવાય. વધારે નહિ તો પાંચ કે દસ શેર લઈને મૂકી શકાય.
- **સોનાટા સોફ્ટવેર,** મુંબઈની આ મીડસાઈઝ આઈટી કંપનીમાં રોકાણ કરવાનું દર્શાવેલું, અત્યારે રૂ. ૮૦૮ ઉપર તો આવી ગયો છે. ૧૦૦ ટકા રિટર્ન આપ્યું અને હજી પણ આ શેરમાં તોતીંગ ઉછાળા સાથે રૂ. ૧૦૦૦ના ભાવની સંભાવના, અડધા શેરો વેચો અને અડધા શેરોમાં રોકાણ જાળવી શકાય
- **જે.કે. સિમેન્ટ,** રૂ. ૩૩૪૯ વાળા આ શેરમાં જોરદાર આકર્ષણ અને આગામી દિવસોમાં સુંદર ઉછાળાની જગ્યા, શેર ઝડપથી વધીને રૂ. ૩૬૦૦ આસપાસ આવી જવાની ગણતરી.
- **કેએસબી લિમિટેડ,** ઈન્ડસ્ટ્રીયલ પમ્પના ઉત્પાદનમાં મોટું નામ, અત્યારે રૂ. ૧૧૯૭ ઉપર ચાલે છે અને આવતા થોડા દિવસોમાં આ શેરમાં રૂ. ૧૩૦૦નો ભાવ જોવા મળે, થોડાક શેરો લઈને મૂકી દેવાય.
- **એસ્કોટ્‌ર્સ,** હેવી ઈક્વીપમેન્ટ અને કેઈનના ધંધામાં ખૂબ મોટું કામકાજ, રૂ. ૧૨૩૪ આસપાસ ટૂંકી વધઘટ બતાવે છે. ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં જંગી કામકાજ શરૂ થયું છે. એસ્કોટ્‌ર્સમાં ફાયદો મળે, થોડાક શેરો લઈને મૂકી દેવાય.
- **બેંક બીઝ,** બેંક શેરોનું ઈટીએફ અને બેંક શેરો વધે એટલે બેંક બિઝમાં પણ ઉછાળો જોવા મળે, અત્યારે રૂ. ૩૬૫નો ભાવ, આગામી દિવસોમાં બેંક શેરોમાં તોતીંગ ઉછાળાની જગ્યા. વ્યક્તિગત બેંક શેરો લેવાને બદલે થોડાક બેંક બીઝ લઈને મૂકી દેજો અને તમને સુંદર રિટર્ન આપી જશે.
- **બાયરક્રોપ સાયન્સ,** એગ્રો કેમિકલ્સ અને બિયારણના ધંધામાં મોટું નામ અને સારા ચોમાસાને કારણે એગ્રો કેમિકલ્સ અને બિયારણના વેચાણો વધવાના, રૂ. ૬૦૧૮ના ભાવે શેર આકર્ષક, થોડાક શેરો લઈને મૂકી શકાય.
- **આંધ્ર સિમેન્ટ,** ગયા અઠવાડિયે આ શેર પકડવાનું કહ્યું હતું, ઝડપથી વધીને રૂ. ૩૭ ઉપર આવ્યો છે અને તેમાં હવે પ્રોફિટ બુકીંગ શરૂ કરી દેવાય.
- **નિતિન સ્પીનર,** સ્પીનીંગ કંપનીઓ માટે સારો સમય, નાહર સ્પીનીંગનો શેર લેવડાવેલો, અત્યારે રૂ. ૪૫૬ ઉપર આવી ગયો છે તેમાં પ્રોફિટ બુકીંગ કરીને રૂ. ૨૪૩ના ભાવના નિતન સ્પીનર્સના શેરો લઈ લો અને તે શેર આવતા ત્રણ અઠવાડિયામાં સુંદર રિટર્ન આપી જશે.
- **પનામા પેટ્રો,** પેટ્રો કેમિકલ્સ શેરોમાં જૂનું નામ, શેર અત્યારે રૂ. ૨૯૬ ઉપર ચાલે છે. નફાશક્તિ વધવાની ગણતરી, થોડાક શેરો લઈ શકાય. આગામી દિવસોમાં પનામા પેટ્રોનો શેર રૂ. ૨૯૬થી ઊંચકાઈને રૂ. ૩૪૫ થઈ જવાની સંભાવના મજબૂત. નાનું રોકાણ કરી શકાય.
- **ફ્લુરો કેમિકલ્સ,** અત્યારે આ કંપની ગુજરાત ફ્લુરો કેમિકલ્સના નામથી ઓળખાય છે અને રૂ. ૧૭૬૩નો ભાવ આવ્યો, હજી આ શેરમાં સુંદર ઉછાળા સાથે રૂ. ૧૯૦૦ના ભાવની ગણતરી, પાંચેક શેરમાં ઝડપી કામકાજ કરી શકાય.
- **મુકંદ લિમિટેડ,** બજાજ ગ્રૂપ હસ્તકની કંપની, છેક રૂ. ૩૮ના ભાવથી ધીરે ધીરે વધીને અત્યારે રૂ. ૧૫૨ ઉપર આવ્યો છે. હજી આ શેરમા મોટા કરંટની જગ્યા, જૂનું રોકાણ જાળવી રાખજો અને નવું રોકાણ પણ કરી શકાય. ધીમા સુધારા સાથે રૂ. ૨૦૦ના ભાવની સંભાવના.
- **ગુલશન પોલીઓર,** રૂ. ૨૬૪ ઉપર ચાલે છે અને આ શેરમાં સુંદર ઉછાળાની જગ્યા, અગાઉ પણ રૂ. ૧૫૦ના ભાવે લેવડાવેલો, તે પછી રૂ. ૧૦૦ની નોટ તો મળી ગઈ, હજી જાળવી રાખજો, આગામી દિવસોમાં રૂ. ૨૯૦ના ભાવની સંભાવના મજબૂત.
- **સુપર સ્પીનર,** નામની અંદર સ્પીનીંગ શબ્દ હોય એટલે તે શેર પણ અત્યારે તેજીમાં, સુંદર સ્પીનરના ફન્ડામેન્ટલમાં લાંબો કસ નથી તેમ છતાં ખેલાડીઓમાં આકર્ષણ, રૂ. ૧૩.૭૦વાળા આ શેરમાં કરંટ. શેર ઝડપથી વધીને રૂ. ૧૮-૨૦ થવાની ગણતરી.
- **સૂર્યાલક્ષ્મી સ્પીનીંગ,** આ કંપનીના નામમાં પણ કોટન અને સ્પીનીંગ શબ્દ આવ્યો રૂ. ૪૮થી ઊંચકીને રૂ. ૬૮ ઉપર તો લાવ્યા છે અને રૂ. ૭૮ ઉપર લઈ જવાય


## POLYMECHPLAST MACHINES LIMITED

(AN ISO 9001:2008 CERTIFIED COMPANY)
Regd. Office : "GOLD COIN HOUSE", Makarpura Industrial Estate,
775, G.I.D.C-Makarpura, Vadodara - 390 010.
CIN NO. L27310GJ1987PLC009517,
Phone No. 0265–2632210 E-Mail ID:pmldjs@polymechplast.com

### સુચના

આથી સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન તથા ડિસ્ક્લોઝર રીક્વાયરમેન્ટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ સાથે રેગ્યુલેશન ૪૭ ને વંચાણમાં લેતા જણાવવામાં આવે છે કે ,૩૦મી જુન,૨૦૨૧ ના રોજ પુરા થતા પ્રથમ ત્રિમાસિક સ્ટેન્ડલોન અને કન્સોલીડેટેડ અન-ઓડિટેડ નાણાંકીય પરિણામોને મંજુર આપવા માટે કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટસની મીટીંગ ગુરુવાર,તા.૧૨મી ઓગસ્ટ,૨૦૨૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે મળશે.

વધુ આ માહિતી કંપનીની વેબસાઈટ www.polymechplast.com અને સ્ટોક એક્ષચેન્જની વેબસાઈટ www.bseindia.com પર પણ પ્રાપ્ય છે.

પોલીમેકપ્લાસ્ટમશીન્સ લીમીટેડ

તારીખ:૦૫-૦૮-૨૦૨૧
સ્થળ :વડોદરા

ગૌરી વાય.બાપટ
કંપની સેક્રેટરી

## POLYLINK POLYMERS (INDIA) LIMITED

CIN No: L17299GJ1993PLC032905
Registered Office: 229-230,Village : Valthera,
Taluka – Dholka, Distt. Ahmedabad, Gujarat - 387810
Ph No.: 079-26427800, Fax: 079-26421864
Website:www.polylinkpolymers.com
E-mail: polylink@polylinkpolymers.com

### નોટિસ

સેબી(લિસ્ટિંગ ઓબ્લિગેશન તથા ડિસકલોઝર રીકવાયરમેન્ટ) રેગ્યુલેશન,૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ તથા રેગ્યુલેશન ૪૭ અન્વયે નોટિસને પાઠવવામાં આવે છે કે તા.૧૪મી ઓગસ્ટ ૨૦૨૧,શનિવારનાં રોજ કંપનીના બોર્ડ ઓફ ડાયરેક્ટર્સની મીટિંગ મળશે. જેમાં ૩૦મી જૂન,૨૦૨૧ ના રોજ પૂરા થયેલા પ્રથમ કર્વાટરનાં અન-ઓડિટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા થશે તેમજ મંજૂર કરવામાં આવશે અને અન્ય બીઝનેસ આઇટમો.

આ નોટીસ કંપનીની વેબસાઈટ www.polylinkpolymers.com અને સ્ટોક એક્ષચેંજની વેબસાઈટ www.bseindia.com ઉપર પણ જોઈ શકાશે.

પોલીલીંક પોલીમર્સ(ઈન્ડીયા)લીમીટેડનાં
બોર્ડ ઑફ ડાયરેક્ટર્સના હુકમ થી

તારીખ: ૦૫.૦૮.૨૦૨૧
સ્થળ : અમદાવાદ

સહી/-અંકીત વગેરીયા
કંપની સેક્રેટરી